આજની પ્રાર્થના....
ઉરે સદા તવ સ્નેહભીની મંજરી મહેકી રહો, પૂર્ણ પ્રાપ્તિની સભરતામાં શેષ જીવન આ વહો...

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૭૯ | ૩૦ મે, ૨૦૨૧, રવિવાર; વૈશાખ વદ - ૪ | પાનાં - ૬ કિંમત રૂ. ૨.૦૦

# IPLની બાકીની મેચો યુએઈમાં યોજાશે

### બીજા તબક્કાની બાકીની ૩૧ મેચ સપ્ટેમ્બર-ઓક્ટોબરમાં યુએઈમાં યોજાશે : બીસીસીઆઈ એસજીએમમાં આ નિર્ણય લેવામાં આવ્યો, ફાઈનલ મેચ ૧૦ ઓક્ટોબરના રોજ રમાશે

નવી દિલ્હી, તા. ૨૯

ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ) ૨૦૨૧ના બીજા તબક્કાનું આયોજન હવે યુએઈમાં થશે. શનિવારે બોર્ડ ઓફ કંટ્રોલ ફોર ક્રિકેટ ઈન ઈન્ડિયા (બીસીસીઆઈ) એસજીએમ ખાતે આ નિર્ણય લેવામાં આવ્યો હતો. બીસીસીઆઈના ઉપપ્રમુખ




રાજીવ શુક્લાએ આ વાતની પુષ્ટિ કરી છે. જણાવી દઈએ કે, આઈપીએલ-૨૦૨૧ની ટુર્નામેન્ટ કોરોનાને કારણે ૪ મેના રોજ સ્થગિત કરવામાં આવી હતી.

આઈપીએલ-૨૦૨૧ના પ્રથમ તબક્કામાં ૨૯ મેચો થઈ હતી. જો કે, હવે બાકીની ૩૧ મેચ સંયુક્ત અરબ અમીરાતમાં રમાશે. સપ્ટેમ્બર અને ઓક્ટોબરમાં ખરાબ હવામાનની અપેક્ષા રાખતા બીસીસીઆઈએ ટી ૨૦ લીગને યુએઈમાં સ્થળાંતર કરવાનો નિર્ણય કર્યો છે. યુએઈમાં આઈપીએલ ૨૦૨૧ની બાકીની મેચ ૧૯ અથવા ૨૦ સપ્ટેમ્બર સુધી યોજાઈ શકે છે, ફાઈનલ મેચ ૧૦ ઓક્ટોબરના રોજ યુએઈમાં રમાશે. આઈપીએલમાં ૬ ખેલાડીઓ, ૨ સપોર્ટ સ્ટાફ અને એક બસ ક્લીનર કોરોનામાં ચેપ લાગ્યો હતો, જેના પછી તેને વચ્ચે જ રોકાવું પડ્યું હતું. આ પહેલીવાર બનશે કે આ ટી ૨૦ લીગ યુએઈમાં સતત બીજા વર્ષે યોજાશે. ગયા વર્ષે આઈપીએલ ૨૦૨૦ કોરોનાને કારણે યુએઈમાં યોજાયો હતો.

ઈંગ્લિશ કાઉન્ટીની ચાર મોટી ટીમો, મિડલસેક્સ, સરે, વોરવિકશર અને લંકાશરે ઈન્ડિયન પ્રીમિયર લીગની બાકીની ૩૧ મેચોમાં યજમાન થવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. આ વર્ષના અંતે ભારતમાં કોરોનાની ત્રીજી તરંગ આવવાની સંભાવના છે.

આઈપીએલને લઈને ક્રિકેટ પ્રેમીઓમાં ભારે ઉત્સુકતા જોવા મળી રહી છે. ખાસ કરીનો મહેન્દ્રસિંહ ધોની અને વિરાટ કોહલીની ટીમો સારો દેખાવ કરી રહી છે ત્યારે સ્પર્ધા વધુ રોમાંચક બને તેવી આશા છે. સ્પર્ધાની શરૂઆતની અનેક મેચો ખૂબ જ રસપ્રદ બની હતી. તેથી રમત પ્રેમીઓમાં તેનું પરિણામ વધુ આશ્ચર્યજનક આવે તેવી આશા રખાય છે.

# કોગળા કરીને કોરોનાના ટેસ્ટને મંજૂરી

મુંબઈ, તા. ૨૯

કોરોનાની તપાસ માટે એક નવી સલાઈન ગાર્ગલ આરટી-પીસીઆર પદ્ધતિ જાહેર કરવામાં આવી છે. આ પદ્ધતિમાં ત્રણ કલાકમાં કોરોના થયો છે કે નહીં તે જાણી શકાશે. આ પદ્ધતિને આઈસીએમઆર દ્વારા મંજૂરી મળી ગઈ છે. સીએસઆઈઆર અંતર્ગત નાગપુર સ્થિત એનઈઈઆરઆઈના વૈજ્ઞાનિકોએ એક ઉપલબ્ધિ મેળવી છે. આઈસીએમઆરએ એનઈઈઆરઆઈને પોતાની ટીમોને દેશભરની લેબોરેટરીઓમાં નવી પદ્ધતિની તાલીમ આપવા માટે મોકલવાની મંજૂરી આપી દીધી છે. આ મેથડ અનુસાર, એક દર્દીને કોગળા કરાવ્યા પછી એક સામાન્ય કલેક્શન ટ્યુબમાં થુંકવાનું કહેવામાં આવે છે. કલેક્શન ટ્યુબમાં આ સેમ્પલ લેબમાં લાવવામાં આવે છે. ત્યાં તેને રુમ ટેમ્પરેચર પર જ નીરી દ્વારા તૈયાર કરવામાં આવેલ એક ખાસ બફર સોલ્યુશનમાં રાખવામાં આવશે. જ્યારે આ સોલ્યુશનને ગરમ કરવામાં આવશે તો એક આરએનએ ટેમ્પલેટ તૈયાર થાય છે. સોલ્યુશનને હવે રિવર્સ ટ્રાન્સક્રિપ્શન પોલીમરીઝ ચેઈન રિએક્શન એટલે કે આરટી-પીસીઆર માટે પ્રોસેસ કરવામાં આવે છે. નીરીના પર્યાવરણ વાયરોલોજી સેલના સીનિયર વૈજ્ઞાનિક ડોક્ટર કૃષ્ણા ખૈરનાર જણાવે છે કે આ નવી પધ્ધતીથી સેમ્પલ કલેક્ટ કરવાની પ્રક્રિયા સરળ છે અને પ્રમાણમાં સસ્તી પણ છે. લોકો જાતે પણ કોરોના ટેસ્ટિંગ કરી શકે છે. આના માટે કલેક્શન સેન્ટર પર લાઈનોમાં ઉભા રહેવાની જરૂર નથી. આ પ્રક્રિયાથી સમય પણ ઘણો બચી શકે છે. આનાથી સંક્રમણનું જોખમ પણ ઘટાડી શકાય છે. આ પદ્ધતિમાં કચરો પણ ઓછો થાય છે.

નાક અને ગળાથી સેમ્પલ લેવાની પદ્ધતિમાં સમય વધારે લાગે છે અને આ પદ્ધતિમાં દર્દી અસહજ બની જાય છે. ઘણી વાર સેમ્પલને એક સ્થળેથી બીજા સ્થળ પર લઈ જવામાં નાશ પણ પામે છે. જ્યારે સ્લાઈન ગાર્ગલ આરટી-પીસીઆર તાત્કાલિક થઈ જાય છે. તે સરળ અને પેશન્ટ ફ્રેન્ડલી પણ છે. કચરો ઓછો નીકળતો હોવાને કારણે તે પર્યાવરણ ફ્રેન્ડલી પણ છે. વૈજ્ઞાનિકોનું કહેવું છે કે આ પદ્ધતિ ગ્રામ્ય વિસ્તારો માટે વધારે ફાયદાકારક છે.

# થાણેમાં બિલ્ડિંગનો સ્લેબ પડતા સાતનાં મોત : બચાવ કામગીરી ચાલુ

### ઉલ્હાસનગરના નેહરૂ ચોકમો આવેલા સાઈ સિદ્ધિ બિલ્ડિંગના પડી જવાનું કારણ હજી જાણી શકાયું નથી : કાટમાળમાં અનેક ફસાયાની શંકા

મુંબઈ,તા.૨૯

મહારાષ્ટ્રના થાણે જિલ્લામાં શુક્રવાર મોડી રાત્રે એક મોટી દુર્ઘટના બની. ઉલ્હાસનગરમાં એક રહેણાંક બિલ્ડિંગનો સ્લેબ પડતાં ૭ લોકોનાં મોત થયા છે. જ્યારે અનેક લોકો ફસાયા હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. હાલ સ્થાનિક તંત્ર દ્વારા રાહત અને બચાવ કામગીરી ચાલુ છે. ફાયર બ્રિગેડની ટીમ સાથે થાણે મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ ઘટનાસ્થળે છે. આ લોકો કાટમાળમાં ફસાયેલા લોકોને બહાર કાઢી રહ્યા છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે બિલ્ડિંગનું નામ સાઈ સિદ્ધિ છે, જે ઉલ્હાસનગરના નેહરૂ ચોક ખાતે સ્થિત છે. બિલ્ડિંગ ધરાશાયી થવા પાછળનું કારણ હજી સુધી જાણ શકાયું નથી. મીડિયા રિપોર્ટ મુજબ બિલ્ડિંગના પાંચમા માળનો સ્લેબ સીધો ગ્રાઉન્ડ ફ્લોર પર પડ્યો હતો. દુર્ઘટનાને પગલે કોર્પોરેશન અને ફાયર ટીમ દ્વારા કાટમાળમાં ફસાયેલા લોકોને બચાવવા માટે રેસ્ક્યૂ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું હોવાનું જાણવા મળ્યું છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે શુક્રવારે રાતે બનેલી ઘટનામાં ૫ લોકોના મૃતદેહ કાટમાળમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા. જો કે, બચાવ કામગીરી દરમિયાન વધુ બે લોકોના શબ મળી આવ્યા છે. થાણે મ્યુનિસિપલ કોર્પોરેશન



મુજબ ઉલ્હાસનગરમાં બનેલી દુર્ઘટનામાં કુલ મૃત્યુઆંક ૭ પર પહોંચી ગયો છે. હજી પણ લોકો ફસાયા હોવાની આશંકાએ બચાવ કામગીરી ચાલુ છે. આ દુર્ઘટના શુક્રવાર રાત્રે લગભગ ૯ વાગ્યે બની. પાંચમા માળનો સ્લેબ નીચે પડ્યો અને ચોથા, ત્રીજા, બીજા અને પહેલા માળની છતને તોડીને નીચે આવીને પડ્યો. દુર્ઘટના સમયે પાંચમા માળ પર અનેક લોકો ઉપસ્થિત હતા. રાહતની વાત એ રહી કે બીજા કોઈ માળ પર લોકો નહોતા.

## અમેરિકા ભારતને બે કરોડ વેક્સિનનો કાચો માલ આપશે

વોશિંગટન,તા.૨૯

એસ જયશંકરે શુક્રવારે પોતાના અમેરિકન સમકક્ષ એન્ટની બ્લિકેન સાથે મુલાકાત કરી. આ દરમિયાન બંને નેતાઓએ અલગ-અલગ મુદ્દાઓ પર વાતચીત કરી. દક્ષિણ અને મધ્ય એશિયાના મામલાઓના બ્યૂરોએ ભારતને કોવિડ-૧૯ વેક્સીન બનાવવા માટે જરૂરી કાચા માલની આપૂર્તિના નિર્દેશ આપ્યા છે, જેનાથી એસ્ટ્રાજેનેકા વેક્સીનના બે કરોડ વધારાના ડોઝ બનાવી શકાશે.

બ્લિકેને કહ્યું કે કોવિડ-૧૯ના શરૂઆતના દિવસોમાં ભારતે અમેરિકાનો સાથ આપ્યો જેને તેમનો દેશ હંમેશા યાદ રાખશે.

# કોરોના વાયરસ વુહાન લેબમાં બન્યાનો બે વૈજ્ઞાનિકોનો દાવો

લંડન, તા. ૨૯

ચીનના વુહાનથી આખી દુનિયામાં ફેલાયેલા અને ભારત જેવા દેશોમાં તબાહી સર્જનાર કોરોના વાયરસ ચીનના વુહાન ઈન્સ્ટિટ્યુટ ઓફ વાયરોલોજીની લેબોરેટરીમાં જ તૈયાર થયો હોવાનો સનસનીખેજ દાવો બે વૈજ્ઞાનિકોએ કર્યો છે. આ વૈજ્ઞાનિકોએ પોતાના સંશોધનમાં કહ્યુ છે કે, ચીનના વૈજ્ઞાનિકોએ આ વાયરસને તૈયાર કર્યા બાદ તેને રિવર્સ એન્જિનિયરિંગ ટેકનિકની મદદથી બદલવાની કોશિશ કરી હતી. જેથી એવુ લાગે કે વાયરસ ચામાચિડિયામાંથી ડેવલપ થયો છે. દુનિયાભરમાં ફરી એક વખત આ વાયરસને લઈને ચીન ચર્ચામાં છે.

એક બ્રિટિશ અખબારના અહેવાલ પ્રમાણે બ્રિટનના પ્રોફેસર એંગસ ડલ્ગલિશ તેમજ નોર્વેના વૈજ્ઞાનિક ડો.બિર્ગર સોરેનસને દાવો કર્યો છે કે, અમારી પાસે એક વર્ષ કરતા વધારે સમયથી ચીનમાં વાયરસ પર થયેલા રિવર્સ એન્જિનિયરિંગના પૂરાવા છે.

પ્રોફેસર ડલ્ગલિશ લંડનમાં સેંટ જ્યોર્જ યુનિવર્સિટીના કેન્સર સાયન્સના પ્રોફેસર છે અને ડો.સોરેનસ એક વાયરોલિસ્ટ તથા કોરોના વેક્સિન તૈયાર કરતી એક કંપનીના અધ્યક્ષ છે.

## પશ્ચિમ બંગાળની ભલાઈ માટે મોદીના પગે લાગવા તૈયાર છું

નવી દિલ્હી, તા. ૨૯

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના પશ્ચિમ બંગાળ પ્રવાસ પર શરૂ થયેલા વિવાદને લઈને હવે મમતા બેનર્જીએ પ્રતિક્રિયા આપી છે. મમતા બેનર્જીએ કહ્યું કે, પ્રધાનમંત્રી સાથે વાત કર્યા બાદ તે દીધા માટે રવાના થયા હતા. સાથે મમતાએ સરકાર પર નિશાન સાધતા કહ્યું કે, મારી જીત કેન્દ્રને પચી રહી નથી. હું બંગાળની જનતા માટે પ્રધાનમંત્રીને પગે લાગવા માટે તૈયાર છું.

મુખ્યમંત્રી મમતાએ વિવાદ પર પ્રતિક્રિયા આપતા કહ્યું કે, હાર પચાવી શકતા નથી તેથી વિરોધ કરી રહ્યાં છે. તેમણે બેઠકમાં મોડા પહોંચવા અને જલદી નિકળી જવાના વિવાદ પર કહ્યું કે, ગુરૂવારે મારો કાર્યક્રમ નક્કી થઈ ગયો હતો. તેમણે કહ્યું કે, પ્રધાનમંત્રીના પ્રવાસ વિશે પછી માહિતી મળી હતી.

રામચંદ્ર મહારાજ ૯૮૨૪૦ ૫૪૦૯૨
શ્રી મહાકાલી
કેટરર્સ & ડેકોરેશન



શુભ પ્રસંગે રસોઈ, મીઠાઈ, જ્યુસ અને વી.આઈ.પી. રીસેપ્શન તેમજ લગ્ન પ્રસંગે ડેકોરેશન માટે મળો.
સ્પે. પ્યોર જૈન મેનુ બનાવી આપવામાં આવશે.
સ્પે. કેટરીંગ ડીશ કોન્ટ્રાક્ટના ઓર્ડર લેવામાં આવશે.
સેક્ટર-૨૮, જી.આઈ.ડી.સી., પ્લોટ નં. ૧૦૧/૧/બી, સાંવરીયા હોટલની પાછળ, શિવ ટિમ્બરની સામે, ગાંધીનગર
કોવિડ-૧૯ કોરોના વાયરસ અન્વયે સંપૂર્ણ કાળજી રાખીને રસોઈ અંગેની તમામ કામગીરી કરવામાં આવે છે.
૨૦, ૩૦, ૪૦ અને ૫૦ વ્યક્તિ સુધી કેટરીંગ સર્વિસ હાલ પુરતી ઉપલબ્ધ છે.

TV રીપેરીંગ
ગાંધીનગર માટે LED TV, LCD TV રીપેરીંગ માટે ફોન કરો.
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧૯૮૩૬૬

મારૂતિ સોફા
વોશીંગ & રીનોવેશન
સોફા રીપેરીંગ સ્પેશ્યાલીસ્ટ
ફ્રી હોમ સર્વિસ ગેરન્ટી સાથે
9924244216, 9924244276
મોકાસણવાળા

શિક્ષકો જોઈએ છે
In Service of Education SINCE 1996
Shri Shankersinh Vaghela Bapu Foundation
SAMARPAN PUBLIC SCHOOL
ધોરણ ૧૧ અને ૧૨ (સામાન્ય પ્રવાહ)
ધોરણ ૧૧ અને ૧૨ ના વર્ગો માટે નીચે દર્શાવેલ વિષયોમાં M.A./ M.Com , B.Ed. લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામા આવેલ છે.

| ગુજરાતી માધ્યમ | English Medium |
| --- | --- |
| વિષય :અર્થશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, ઈતિહાસ નામના મૂળ તત્વો, આંકડા શાસ્ત્ર, મનોવિજ્ઞાન,ભૂગોળ | Subjects : Psychology, Account, Statistics, OCM, Sociology, History, Geography, Economics |

આથી રસ ધરાવતા ઉમેદવારોએ દિન-૦૭માં પોતાની અરજી રૂબરૂ, પોસ્ટ દ્વારા અથવા sps@samarpancampus.ac.in ઉપર ઈ-મેલ દ્વારા મોકલી આપવાની રહેશે .
Samarpan Public School
Samarpan Education & Research Campus
KH- 7 Samarpan Circle, Sector-28, Gandhinagar 382028
principalschool.sps@samarpancampus.ac.in www.samarpanpublicschool.org
+91 90812 82233
+91 90812 62233
Office Time 9:00 a.m. to 3:00 p.m.

શ્રી શંકરસિંહ વાઘેલા બાપુ ફાઉન્ડેશન
સમર્પણ પબ્લિક સ્કૂલ



પ્રવેશ ચાલુ છે.
૧૧ અને ૧૨ અંગ્રેજી માધ્યમ (સામાન્ય પ્રવાહ)
ધોરણ ૧ થી ૧૦ ગુજરાતી માધ્યમ
શું તમે એવી શાળા શોધી રહ્યા છો કે જ્યાં મળે ભણતર સાથે ગણતર ?
એકજ કેમ્પસમાં પ્લેગ્રુપ થી અનુસ્નાતક સુધી ના અભ્યાસક્રમ ની સગવડ
તમારી શોધ સમર્પણ પબ્લિક સ્કૂલમાં પૂર્ણ થશે... !

વિશેષ સુવિધાઓ
- સમયસર અને નિયમિત મૂલ્યાંકન
- નિયમિત અને સમયાંતરે વાલી મિટીંગ મૂલ્યાંકન
- અનુભવી તથા તજજ્ઞ શૈક્ષણિક સ્ટાફ
- સમયસર તહેવારની ઉજવણી
- અસરકારક શૈક્ષણિક પધ્ધતિ
- ડિજીટલ શિક્ષણ

ઈન્ફ્રાસ્ટ્રક્ચર
- ૨૫ એકર જમીન પર કાર્યરત વિશાળ સંકુલ
- સુવ્યવસ્થાપિત વર્ગખંડો
- સ્ટેટ ઓફ ધ આર્ટ સંસાધનવાળી અત્યાધુનિક લેબોરેટરીઓ
- વિશાળ પુસ્તકાલય
- અદ્યતન શિક્ષણ સંસાધન
- રમત-ગમતનું વિશાળ મેદાન
- પરિવહનની સુવિધા

રમત-ગમત
- બાળકોના શારીરિક અને માનસિક વિકાસ થાય તે માટે ફુટબોલ મેદાન, વોલીબોલ મેદાન, ખો-ખો મેદાન, કબડ્ડી મેદાન વગેરે જેવા વિશાળ મેદાન સુવિધા
- આ મેદાનનો ઉપયોગ કરી અમારા વિદ્યાર્થીઓ ખેલ મહાકુંભમાં ગોલ્ડ અને સિલ્વર મેડલ, ૨૦૧૯-૨૦ માં પ્રાપ્ત કરેલ છે અને રાજ્ય માટે પસંદ થયા છે.

કોવિડ - ૧૯ ની પરિસ્થિતિ ને ધ્યાન માં રાખી ને પ્રવેશ મેળવતા તમામ વિદ્યાર્થીઓ ને નિયત ફી માં ૧૫% માફી
- ધોરણ ૬ થી ૯ માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થી એ અગાઉ ની પરીક્ષા માં ૭૫% કે તેથી વધુ ગુણ મેળવ્યા હોય તો , ૧૫% શાળા ફી માં સ્કોલરશીપ
- રમત - ગમત ક્ષેત્રે આંતર સ્કૂલ સ્પર્ધામાં ૧ થી ૩ ક્રમ માં આવેલ હોય તો ફી માં ૧૦%, તેમજ રાજ્ય/રાષ્ટ્રીય કક્ષાએ ભાગ લીધેલ હોય તો ફી માં ૧૫% માફી
- શાળામાં પ્રવેશ કરતી વિદ્યાર્થિની જો પોતાના માતા પિતા ની એક જ બાળકી હોય ,તો શાળા ફી માં ૧૦% ફી માફી
- જો બાળક નું ભરણ પોષણ ફક્ત માતા દ્વારા થતું હોય અને બીજો કોઈ આવક નો સ્તોત્ર ના હોય તો વિદ્યાર્થી ને શાળા ફી માં રાહત આપવામાં આવશે.

શાળામાં પ્રવેશ મેળવતા વિધાર્થીઓની રમત-ગમતની વ્યવસાયિક ફી શાળા સંચાલક મંડળ દવારા ભરવામાં આવશે .










કોવિડ - ૧૯ ની ગાઇડ લાઇન મુજબ- વર્ગ દીઠ માત્ર ૨૦ બાળકો
સંપર્ક : સમર્પણ એજ્યુકેશન અને રિસર્ચ કેમ્પસ
ખ-૭, સમર્પણ સર્કલ, સેક્ટર ૨૮, ગાંધીનગર-૩૮૨૦૨૮
www.samarpanpublicschool.org principalschool.sps@samarpancampus.ac.in
+૯૧ ૯૦૮૧૨ ૮૨૨૩૩
+૯૧ ૯૦૮૧૨ ૬૨૨૩૩
સમય સાવરે ૯ થી બપોરે ૩